GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST. – VALSAD (GUJARAT)

# NEWSLETTER

भाकृअनुप ICAR

JULY– DEC., 2024 | Number 26



*My life is My Message*

**Chief Editor**

**Dr R. F. Thakor**
**Senior Scientist & Head**

**Editorial Team**

Shri K. A. Patel
Shri L. T .Kapur
Shri M. M. Gajjar
Dr B. M. Patel
Shri P. J. Joshi
Smt P. R. Ahir
Shri P. R. Patel

***Half Yearly Newsletter Published by***

**Gujarat Vidyapith**
**KRISHI VIGYAN KENDRA**
**AMBHETI –396 191**
**Dist. Valsad (Gujarat)**
**E-mail : kvkvalsad@gmail.com**
**Website : www.kvkvalsad.org**

## Ex. Minister Shri. Bhupendrasinh Chudasma visited KVK

Shri. Bhupendrasinh Chudasma, Hon. Ex. Minister of Agriculture and Education (Gujarat) and trustee of Gujarat Vidyapith visited KVK Valsad on 13th Sep., 2024. Dr. R. F. Thakor, Senior Scientist and Head of KVK welcomed him and informed about various activities of KVK and demonstration units developed at KVK for farmers. A farmers Shibir was organized at KVK on this occasion. Hon. Ex minister shared his experiences with the farmers and advised them to save water by adopting various water conservation technologies on their farm. He also urged farmers to adopt Israel technologies for qualitative production keeping in view emerging demand and market value of produce. He told the farmers to visit Jain Hills at Jalgaon to understand various technologies of water conservation, micro irrigation system and agro processing. He inspired the farmers about co-operative marketing and value addition to get affordable price of their product. The trainees of skill training on quality seed production from ASCI were felicitated by giving certificates at this moment. He also appreciated the activities of KVK.





## પૂર્વ કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી

ગુજરાત રાજ્યના માજી કૃષિ અને શિક્ષણમંત્રીશ્રી અને ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીશ્રી માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તારીખ ૧૩, સપ્ટેમ્બર,૨૦૨૪ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-અંભેટીની મુલાકાત લીધી. કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. આર એફ ઠાકોરે માનનીય પૂર્વ કૃષિ મંત્રીશ્રીનું સ્વાગત કરી કેવિકે દ્વારા ખેડુતો માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ તથા નિદર્શન એકમોની માહિતીથી વાકેફ કર્યા. આ પ્રસંગે આયોજીત ખેડુત શિબિરમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડુત ભાઇ બહેનોને માનનીય પૂર્વ મંત્રીશ્રીએ તેમના અનુભવોને વણી લઇને ઉપયોગી માર્ગદર્શન આપ્યું. તેમણે ઇઝરાયલનો દાખલો આપી પાણીની બચત, પાક ગુણવત્તા અને ઉત્પાદનમાં વધારાની સાથે ખેતી ખર્ચમાં ઘટાડા માટે સલાહ આપી. ખેડુતોને જળ સંરક્ષણ અને માઇક્રોઇરીગેશનની પ્રત્યક્ષ જાણકારી મેળવવા જૈન હિલ્સ, જલગાંવની મુલાકાત લેવાનું સૂચન કર્યુ. તેમણે ઉપસ્થિત ખેડુતોને બજારમાં પોષણક્ષમ ભાવ લેવા મુલ્યવર્ધન કરવા તથા સંગઠિત થવા અનુરોધ કર્યો. તેમણે બીજ ઉત્પાદન તાલીમના ખેડુતોને પ્રમાણપત્રો એનાયત કરી ખેડુતો સાથે ચર્ચા કરી ખેતીમાં નવિન પ્રયોગો કરવા પ્રોત્સાહીત કર્યા. કાર્યક્રમના અંતમાં તેમણે કેવિકેની પ્રવૃત્તિઓની પ્રસંશા કરી.

## Training on Natural Farming

The Gramjivan foot march of students and employees of Gujarat Vidyapith was organized through out Gujarat on the theme of natural farming. The training programme on natural farming for the students and employees of Gujarat Vidyapith was organized at Gujarat Vidyapith, Ahmedabad during 3rd to 7th Oct.,2024. The experts of KVKs of GVP trained them on different aspects of natural farming.





## પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજીત ગ્રામજીવન પદ યાત્રા દરમ્યાન પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે તે હેતુથી ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ તથા સેવકો માટે તારીખ ૦૩ થી ૦૭ ઓક્ટો.,૨૪ દરમ્યાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે પ્રાકૃતિક ખેતી વિશેના તાલીમ કાર્યક્રમનું આયોજન થયુ હતું. જેમાં ગૂજરાત વિદ્યાપીઠના કેવીકેના તજજ્ઞો દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો વિશે  સૈધાંતિક તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી.

## Krushak Swarna Samridhdhi Programme

## કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમ







Indian Council of Agriculture Research, New Delhi started the KVK from Pondicheri since 1974. At present, total 731 KVKs are functioning at district level in India. To celebrate the completion of 50 years of KVK, Krushak Swarna Samridhdhi Programme was organized during 23rd to 28th Sep., 2024. KVK Valsad arranged the Krushak Swarna Samridhdhi Rath and farmers shibirs at different villages of Kaprada, Dharampur and Pardi to aware the farmers about the KVK and various agriculture technologies. The farmers shibir and agriculture exhibition was organized at KVK on 23rd Sep., 2024 in which more than 75 farmers of Pati, Sukhala, Dhodhadkuva and Varoli villages were informed about the programme by Dr. R. F. Thakor, Senior Scientist & Head of KVK. Dr. Ashish Patel, scientist of NAU, Paria guided the farmers on production technologies of mango and value addition. Shri. L. T. Kapur, SMS of KVK, motivated the farmers for soil health management for sustainable agriculture. As a part of celebration of Krushak Swarna Samridhdhi Programme, the farmers shibir was organized at Sadadvera village of Dharampur in which more than 100 farmers were participated. Shri. M. M. Gajjar, SMS (Agronomy) guided farmers on different technologies of finger millet production. The information of various schemes of Government for the welfare of farmers were provided by Aditi Patel, Gramsevika of Agriculture department.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી દ્વારા દેશમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની શરૂઆત ૧૯૭૪માં પાંડિચેરીથી કરવામાં આવી હતી. હાલમાં દેશમાં કુલ ૭૩૧ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો જીલ્લા કક્ષાએ કાર્યરત છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સ્થાપનાને ૫૦ વર્ષ પુર્ણ થતાં તેની ઉજવણીના ભાગરૂપે તા. ૨૩ થી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત કેવીકે દ્વારા કપરાડા, પારડી અને ધરમપુર તાલુકાના વિવિધ ગામોમાં ખેડુતોને કૃષિને લગતી તાંત્રિકતાઓ અંગે માર્ગદર્શન આપવા માટે કૃષક સ્વર્ણ સમૃધ્ધિ રથ અને ખેડુત શિબિરોનુ આયોજન કરવામાં આવેલ. તા. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કેવિકે અંભેટી ખાતે ખેડુત શિબિર અને કૃષિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. જેમાં પાટી, સુખાલા, ધોધડકુવા અને વારોલી ગામના ૭૫ ખેડુતોએ ભાગ લીધો. કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ રાજેન્દ્રસિંહ ઠાકોરે ઉપસ્થિત ખેડુતોને કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમની વિગતવાર માહિતી આપી. ફળસંશોધન કેન્દ્ર, પરિયા ના વૈજ્ઞાનિક ડૉ. આશિષ પટેલે ખેડુતોને આંબાવાડીનુ નવિનીકરણ, આંબાની નવિનજાતો તથા મૂલ્યવર્ધન અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક લલિત કપુરે ખેડુતોને જમીન સ્વાસ્થ્ય, જળ સંરક્ષણ, કુદરતી સંશાધનોનુ રક્ષણ અને ટકાઉ ખેતી કરવા આહવાન કર્યું, તા. ૨૭, સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સાડદવેરા ગામે આયોજીત ખેડુત શિબિરમાં સાડદવેરા, સામરશીંગી અને પીંડવળ ગામના અંદાજીત ૧૦૦ ખેડુતોએ ભાગ લીધો હતો પાક ઉત્પાદન નિષ્ણાંત શ્રી મિતેશ ગજ્જરે ઉપસ્થિત ખેડુતોને નાગલીની ખેતી વિશે ખેડુતોને માર્ગદર્શન આપેલ. ગ્રામ સેવક કુ. અદિતી પટેલે ખેડુતોને રાજ્ય સરકારની વિવિધ કૃષિ લક્ષી યોજનાઓની માહિતી આપી હતી.

## Shibir on Dairy Management

Shibir on dairy management was organized at Samarpada village of Pardi block on 26th Sep., 2024 as apart of Krushak Swarna Samridhdhi programme in which about 150 farmers of Samarpada and Arnala village were participated. Shri. L. T. Kapur, SMS of KVK clarified the objective of the programme. Shri. Mahendrabhai Patel (Vasudhara Dairy) guided the farmers on the role of co-operative structure, feed management, ideal cow shed, watering system and vaccination in dairy management. Dr. B. M. Patel, expert of KVK, advised the farmers on cares to be taken for clean milk production. Dr. Urvashi Patel (Dept. of Animal Husbandary, Valsad) informed the farmers about various schemes of Government for welfare of pashupalaks.



## પશુપાલન શિબિર

કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમ અંતર્ગત પારડી તાલુકાના સામરપાડા ગામે તા. ૨૬ સપ્ટે.,૨૦૨૪ના રોજ આયોજીત પશુપાલન શિબિરમાં સામરપાડા અને અરનાલા ગામના અંદાજીત ૧૫૦ પશુપાલકોએ ભાગ લીધો હતો. કેન્દ્રના વિષય નિષ્ણાંત શ્રી લલિત કપુરે કૃષક સ્વર્ણ સમૃધ્ધિ કાર્યક્રમની વિગતવાર માહિતી આપી. વસુધારા ડેરીના શ્રી મહેન્દ્રભાઇ પટેલે પશુપાલનમાં સહકારી માળખાનુ મહત્વ, દુધ ઉત્પાદન અને પશુની તંદુરસ્તીમાં ઉત્તમ પશુઆહાર, આદર્શ પશુ રહેઠાણ, પશુ માટે યોગ્ય પાણીની વ્યવસ્થા તથા રસીકરણ જેવી બાબતો અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. કેન્દ્રના પશુપાલન નિષ્ણાંત ડૉ બાલુભાઇ પટેલે સ્વચ્છ દુધ ઉત્પાદન માટે લેવાની થતી કાળજીઓ વિશે માહિતી પુરી પાડી હતી. જીલ્લા પંચાયત, વલસાડના પશુચિકિત્સક ડૉ. ઉર્વશીબેન પટેલે પશુપાલન ખાતાની વિવિધ યોજનાઓનો ખ્યાલ આપી પશુપાલકોને લાભ લેવા સમજાવ્યા હતા.

## World Soil Day

World Soil Day is celebrating on 5th December of every year to create awareness on soil health. KVK celebrated the world soil day at Nanivahiyal village of Dharampur with a theme of “Soil caring, Measuring, Monitoring, Manage”.More than 100 farmers of Nanivahiyal, Fulvadi and Kakadkuva village were participated in the programme. Shri. L. T. Kapur, soil scientist of KVK motivated the farmers to adopt natural farming to protect the environment from the hazardous chemicals. Dr. Naresh Gohil, Scientist, NAU, Paria guided the farmers on soil health card and nutrient management technologies. Smt. Urviben Patel (Representative of GSFC) emphasized on soil testing and fertilizer management.



## વિશ્વ જમીન દિવસની ઉજવણી

જમીન તંદુરસ્તી અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે તારીખ ૫, ડિસેમ્બરે વિશ્વ જમીન દિવસની ઊજવણી કરવામાં આવે છે. કેવીકે દ્વારા ધરમપુર તાલુકાના નાની વહિયાળ ગામે “Soil caring: Measuring , Monitoring, Manage " થીમ હેઠળ વિશ્વ જમીન દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં નાની વહિયાળ, ફુલવાડી અને કાકડકુવા ગામના અંદાજીત ૧૦૦થી વધુ ખેડુતોએ ભાગ લીધો હતો. કેન્દ્રના જમીન વૈજ્ઞાનિક લલિત કપુરે ઉપસ્થિત ખેડુતોને જમીનના સ્વાસ્થ્યનું મહત્વ સમજાવી રાસાયણિક ખાતરો અને જંતુનાશકોની આડઅસરથી બચવા પ્રાકૃતિક ખેતી અપનાવવા ખેડુતોને અનુરોધ કર્યો હતો.. ફળ સંશોધન કેન્દ્ર, પરિયાના વૈજ્ઞાનિકશ્રી નરેશભાઇ ગોહિલે ખેડુતોને સોઇલ હેલ્થ કાર્ડ અને પોષકતત્વોના વ્યવસ્થાપનની તાંત્રિકતાઓથી વાકેફ કર્યા હતાં. જીએસએફસીના પ્રતિનિધી ઉર્વી પટેલે ખેડુતોને ખાતર વ્યવસ્થાપન વિશે માહિતી આપી જમીન ચકાસણી માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## Women in Agriculture Day

Women in Agriculture Day was celebrated at Amdha village on 4th Dec.,2024 in which more than 100 farm women participated. Smt. P. R. Ahir, Home Scientist of KVK explained about role of women in agriculture and Gangama model of nutritional garden. Smt. Kusumben, Sarpanch of Amdha village urged the women to participate the training programmes of KVK for self sufficiency. Smt. Manjulaben, President of SHG advised to cooperate in agriculture to reduce the cost of cultivation.



## મહિલા ખેતી દિવસની ઉજવણી

કપરાડા તાલુકાના આમધા ગામે મહિલા ખેતી દિવસની ઉજવણી નિમિતે તા. ૦૪ ડિસે., ૨૦૨૪ના રોજ આયોજીત શિબિરમાં ૧૦૦થી વધુ મહિલાઓએ ભાગ લીધો. કેવીકેના ગૃહ વૈજ્ઞાનિક પ્રેમીલાબેને મહિલાઓનું ખેતીમાં યોગદાન અને કુપોષણના નિવારણ માટે કિચન ગાર્ડન/ ગંગામા વર્તુળ વિશે માહિતી આપી હતી. આમધાના સરપંચ શ્રીમતી કુસુમબેને મહિલાઓને કેવીકે દ્વારા ચાલતા તાલીમ કાર્યક્રમોમાં ભાગ લઇને આત્મ નિર્ભર બનવા અનુરોધ કર્યો હતો. સ્વસહાય જૂથના પ્રમુખ મંજુલાબેને બહેનોને ખેતીમાં મદદરૂપ થઇ ખેતી ખર્ચ ઘટાડવા સમજ આપી હતી.

## Field Day

KVK conducted FLDs on improved varieties of finger millet in Kaprada and paddy in Dharampur block. To collect the feed back of demonstraions, field day on finger millet was organized at Kolvera village on 24th Sep., 2024 in which about 104 farmers participated. Similarly, the field day on paddy was organized at Sadadvera village on 27th Sep., 2024 in which about 94 farmers participated. Shri. M. M. Gajjar, SMS(Agro.) guided on the problems faced by the farmers.





## ક્ષેત્રદિન

કેન્દ્ર દ્વારા ચાલુ વર્ષે કપરાડા તાલુકાના વિવિધ ગામોમાં નાગલી પાકની સુધારેલ જાતના નિદર્શનો ગોઠવવામાં આવેલ. જેના પ્રતિભાવ જાણવાના હેતુથી કોલવેરા ખાતે તા. ૨૪ સપ્ટે.,૨૦૨૪ના રોજ આયોજીત ક્ષેત્ર દિનમાં ૧૦૪ જેટલા ખેડુતોએ ભાગ લીધો. ડાંગરના પાકમાં ગોઠવેલ અગ્ર હરોળ નિદર્શનો અંતર્ગત ધરમપુર તાલુકાના સાદડવેરા ગામમાં તા. ૨૭ સપ્ટે.,૨૦૨૪ના રોજ ક્ષેત્ર દિનની ઉજવણી કરી હતી. કેન્દ્રના વિષય નિષ્ણાંતશ્રી મિતેશ ગજ્જરે ઉપસ્થિત ખેડુતો સાથે નિદર્શનના અભિપ્રાયો, મુશ્કેલીઓ અને પરિણામો વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

## ICAR Scientist's Visit

Dr. Pankaj Patil, Scientist, ICAR, CIBA, Navsari visited KVK Valsad on 14th August, 2024 to review the activities of Krishi Vigyan Kendra during last three years. He visited the infrastructure and demonstration units developed at KVK. He also visited Custom Hiring Centre, Farm ponds and other interventions in Khuntli village. He appreciated the various activities of KVK.



## આઇસીએઆરના વૈજ્ઞાનિકની મુલાકાત

કૃષિ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિઓની જાણકારી માટે આઇસીએઆર, સીબા, નવસારીના વૈજ્ઞાનિક ડૉ. પંકજ પાટીલે તા. ૧૪ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ કેવીકે વલસાડની મુલાકાત લીધી. તેઓએ કેન્દ્ર ખાતેની સુવિધાઓ અને નિદર્શન એકમોની મુલાકાત લીધી. કેન્દ્ર દ્વારા ખુટલી ગામે કસ્ટમ હાયરીંગ સેન્ટર, ખેત તલાવડી, વગેરે નિદર્શનોની મુલાકાત લીધી. તેઓ કેવીકેની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા.

## Meeting on Farm and Gaushala Planning

A meeting for planning of Farm and Gaushala of all three KVKs (Ambheti, Randheja and Kheda) of GVP was convened at KVK– Ambheti, Dist. Valsad on 23rd Nov., 2024 under the chairmanship of Dr. Harshadbhai Patel, Hon. Secretary and Vice Chancellor of Gujarat Vidyapith. Shri. Bharatbhai Modi (OSD, GVM) and Senior Scientist & Head as well as the concerned staff of three KVKs were present. During the meeting, discussion was done on farm and gaushala development .



## ફાર્મ તથા ગૌશાળા આયોજનની બેઠક

ગૂજરાત વિદ્યાપીઠના ત્રણે કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (અંભેટી, રાંધેજા અને દેથલી)ના ફાર્મ તથા ગૌશાળા આયોજનની બેઠક ડૉ. હર્ષદભાઇ પટેલ (માનનીય મંત્રીશ્રી અને કુલપતિશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) ના અધ્યક્ષ સ્થાને તા. ૨૩ નવે.,૨૦૨૪ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, જિ. વલસાડ ખાતે મળી હતી. જેમાં શ્રી. ભરતકુમાર મોદી (ખાસ ફરજ પરના અધિકારી, ગૂ. વિ. મંડળ) તથા રાંધેજા, દેથલી અને અંભેટીના વડા તથા સંલગ્ન સેવકો હાજર રહ્યા હતા. બેઠક દરમ્યાન ફાર્મ તથા ગૌશાળાના વિકાસ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું.

**BOOK - POST**

**From -**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via. Vapi
Ta. Kaprada, Dist. Valsad (Gujarat) 396191